# કમિશનરની રેડમાં આરટીઓ કચેરીમાંથી પકડાયેલા ૧૪ એજન્ટો સામે ફરિયાદ નોંધાઈ

## આર.ટી.ઓ. કચેરી ૫૦ થી વધુ એજન્ટ-દલાલના કબ્જામાં...!!




મોડાસા શહેરના જીલ્લા સેવાસદન સામે આવેલ એઆરટીઓ કચેરીમાં એજન્ટ ના સંપર્ક વગર સીધા કચેરીના કામકાજ માટે આવનાર લોકો ધર્મના ધક્કા ખાઈ રહ્યા છે ભ્રસ્ટાચારના દલદલમાં ફસાયેલી એ.આર.ટી.ઓ કચેરીની બૂમો છે કે ગાંધીનગર સુધી પહોંચતા શુક્રવારે સાંજે કમિશનર ખુદ પહોંચ્યા હતા અને કચેરીમાં એજન્ટ અને દલાલોનો રાફડો જોઈ ચોકી ઉઠ્યા હતા તેમજ આર.ટી.ઓ કેમ્પસ માં બિન અધિકૃત રીતે પ્રવેશી હેરાનગતિ કરતા એવા ૧૩ જણાઓને કચેરીના ફોર્મ સાથે ઝડપી લીધા હતા.અને ટાઉન પોલીસના હવાલે કરવામાં આવ્યા હતા તમામ સામે આરટીઓ ઓફિસર જે.કે.મોઢને ફરિયાદ બનવા અને તમામ સામે ગુન્હો નોંધવાનો કમિશ્નરે આદેશ કરતા ટાઉન પોલીસ સ્ટેશનમાં આરટીઓ એજન્ટ તરીકે ની ઓળખ આપતા ૧૪ શખ્શો વિરૃધ્ધ આઈપીસી કલમ ૧૮૮ હેઠળ ગુન્હો નોંધાવ્યો હતો

મોડાસા એઆરટીઓ કચેરીમાં કમિશ્નરની ઓચીંતી રેડમાં કચેરીમાં ફરતા એજન્ટ અને દલાલો જોવા મળતા કમિશ્નરની ટીમે કચેરીમાં ફરજ બજાવતા જીઆઈએસએફનાકર્મીઓએ ઝડપી લેવા આદેશ કરતા ૧૩ શખ્શો ઝડપાઈ ગયા હતા એક શખ્શ ફરાર થઈ જતા કુલ ૧૪ જણા વિરૃધ્ધ આરટીઓ અધિકારી જીગ્નેશ મોઢ નાઓએ મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી. અને આ ફરીયાદના આધારે ટાઉન પોલીસે કુલ ૧૪ આરોપીઓ વિરૃધ્ધ ઈન્ડીયન પીનલ કોડ ૧૮૮ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

**આરટીઓ ઓફિસર જે.કે.મોઢે ટાઉન પોલીસ સ્ટેશનમાં કોની કોની સામે ગુન્હો નોંધાવ્યો**

૧) સંજય હરજીવનદાસ પરમાર રહે ધનસુરા
૨) ઈમરાન મહંમદહુસેન ટીંટોઈયા (ટીંટોઈ)
૩) અકરમભાઈ ઈબ્રાહીમહુસેન વિજાપુરા હિંમતનગર
૪) ઈકબાલહુસૈન મહંમદયુસુફ ખેરડા મોડાસા
૫) ઈમ્તિયાઝ મુસાભાઈ ઝાઝ મોડાસા
૬) મહંમદ સલીમ ઝાઝ મોડાસા
૭) ઈબ્રાહિમભાઈ જેથરા સૈયદ મોડાસા
૮) એઝાઝ યુસુફભાઈ કાજી મોડાસા
૯) સાહિલ ઈશાકભાઈ દાદુ મોડાસા
૧૦) ફૈયાઝમહંમદ સાબીર બાંડી મોડાસા
૧૧) સિકંદર ઈસ્માઈલભાઈ બાંડી મોડાસા
૧૨) રુહૂલ યુસુફભાઈ ભડકી મોડાસા
૧૩) હૈયાત અનવર હુસેન દાદુ મોડાસા
૧૪) પરેશ પંડ્યા હિંમતનગર (ફરાર)

તાજેતરમાં રાજય વાહન વ્યવહાર વિભાગ ના કમીશ્નર દ્વારા કેમ્પસ મેનેજમેન્ટ તથા એજન્ટ પ્રથા નાબુદી તથા બિન અધિકૃત વ્યક્તિઓ મારફત કરાતી હેરાનગતિ અટકાવવા વિવિધ પગલાં સારૃ જાહેરનામું પ્રસિધ્ધ કરાયું હતું. રાજયભરની આરટીઓ કચેરીમાં વકરેલી એજન્ટ પ્રથાને નેસ્ત નાબુદ કરવા મોડે મોડે હાથ ધરાયેલ આ અભિયાન હેઠળ શુક્રવારના રોજ રાજયભરમાં ઠેરઠરે છાપા મારવામાં આવ્યા હતા.અરવલ્લી જિલ્લાકક્ષાની આરટીઓ કચેરીના મોડાસા કેમ્પસ ખાતે આવી પહોંચેલી રાજયની ટીમ દ્વારા સઘન તપાસ હાથ ધરી આ કચેરીમાં પોતાની જાતને આરટીઓ એજન્ટ તરીકે ઓળખાતા અને કચેરીના ફોર્મ સાથે ફરતા એવા ૧૩ બિન અધિકૃત વ્યક્તિઓને ઝડપી લેવાયા હતા,જયારે એક એજન્ટ ભાગી ગયો હતો.

# રાજ્યમાં કોરોના સંક્રમણના નવા ૫૭૫ કેસ નોંધાયા

## ૨૪ કલાકમાં કુલ ૪૫૯૭૪ લોકોને રસી અપાઈ : એક વ્યક્તિનું કોરોનાથી મોત : ૪૫૯ દર્દીઓને સાજા થયા

ગાંધીનગર, તા. ૭

રાજયમાં કોરોના વાયરસનું સંક્રમણનું પ્રમાણ ધીરે ધીરે ફરી વધી રહ્યું હતો તેવું લાગી રહ્યું છે. ત્યારે આજે રાજ્યના વિવિધ જિલ્લામાં કુલ ૫૭૫ દર્દીઓ નોંધાયા હતા. તેની સામે ૪૫૯ દર્દીઓ સાજા થઈને ઘરે પરત ફરી ચુક્યા છે. જ્યારે રાજ્યમાં આજે એક વ્યક્તિનું કોરોનાથી મોત થયું છે. જો કે, રાજ્યમાં કોરોનાનો કુલ આંક ૨,૭૩,૩૮૬ પર પહોંચી ગયો છે. જ્યારે કુલ રિકવર દર્દીઓ ૨,૬૫,૮૩૧ છે. આ સાથે કોરોનાથી દર્દીઓનો મૃત્યુઆંક ૪,૪૧૫ પર પહોંચ્યો છે.

અત્યાર સુધીમાં કુલ ૧૪,૦૯,૨૪૪ વ્યક્તિઓનું પ્રથમ ડોઝનું અને ૩,૪૧,૪૩૭ વ્યક્તિઓના બીજા ડોઝનું રસીકરણ પુર્ણ થયું છે. આજે ૬૦ વર્ષથી વધુ વયના તેમજ ૪૫ થી ૬૦ વર્ષના ગંભીર બિમારી ધરાવતા કુલ ૩૩,૭૦૩ વ્યક્તિઓનું રસીકરણ કરાયું. અત્યાર સુધીમાં રાજ્યમાં એક પણ વ્યક્તિને આ રસીના કારણે ગંભીર આડઅસર જોવા મળી નથી.

રાજય સરકારના આરોગ્ય વિભાગની અસરકારક અને પરિણામલક્ષી કામગીરીના પરિણામે અને કોરોલાના કેસો કાબુમાં જોવા મળી રહ્યા છે. રાજયમાં બોટાદ અને ડાંગ એમ કુલ ૨ જીલ્લામાં કોરોનાનો એક પણ કેસ નોંધાયેલ નથી. રાજયમાં કોવિડ-૧૯ ના ૫૭૫ દર્દીઓ નોંધાયા છે. અને રાજ્યભરમાંથી ૪૫૯ દર્દીઓ સાજા થઈને ઘરે પરત ફર્યા છે. આ સાથે જ રાજ્યનો રીકવરી રેટ ૯૭.૨૪ ટકા જેટલો છે.

રાજ્યમાં અત્યાર સુધીમાં આરોગ્ય વિભાગના સઘન પ્રયાસોના લીધે ૨,૬૫,૮૩૧ દર્દીઓએ કોરોનાને મ્હાત આપી છે. જો એક્ટિવ દર્દીઓની વાત કરીએ તો રાજ્યમાં હાલ ૩૧૪૦ એક્ટિવ કેસ છે. વેન્ટિલેટર પર ૪૬ છે. જ્યારે ૩૦૯૪ લોકો સ્ટેબલ છે. ૨,૬૫,૮૩૧ લોકોને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. ૪,૪૧૫ લોકોનાં મોત નિપજ્યા છે.

# ટીકરી બોર્ડર પાસે હરિયાણાના વધુ એક ખેડૂતે આત્મહત્યા કરી

ચંદીગઢ, તા. ૭

હરિયાણાના હિસાર જિલ્લાના એક કિસાને રવિવારે ટીકરી બોર્ડર વિરોધ સ્થળથી લગભગ સાત કિલોમીટર દૂર એક ઝાડ સાથે ફાંસી લગાવી કથિત રીતે આત્મહત્યા કરી લીધી છે. પોલીસે જણાવ્યું કે, કેન્દ્રના નવા કૃષિ કાયદા વિરુદ્ધ આંદોલનનું સમર્થન કરનાર ૪૯ વર્ષીય કિસાને કથિત રીતે એક સ્યુસાઇડ નોટ છોડી છે.

બહાદુરગઢ શહેર પોલીસ સ્ટેશનના એસએચઓ વિજય કુમારે જણાવ્યુ, પીડિત રાજબીર હિસાર જિલ્લાના એક ગામમાં રહેતા હતા. કેટલાક કિસાનોએ તેનો મૃતદેહ લટકતો જોયો અને તેની જાણકારી પોલીસને આપી હતી. પોલીસે જણાવ્યુ કે, રાજબીરે કથિત રીતે મૂકેલી સ્યુસાઇડ નોટમાં ઉલ્લેખ કર્યો કે, તેમના દ્વારા ભરવામાં આવેલ આ પગલા માટે ત્રણ કૃષિ કાયદા જવાબદાર છે.

પોલીસે જણાવ્યુ કે, રાજબીરે સ્યુસાઈટ નોટમાં કહ્યુ છે કે કેન્દ્રએ આ કાયદાને રદ્દ કરી તેની અંતિમ ઈચ્છા પૂરી કરવી જોઈએ. પરંતુ આ પ્રથમ ઘટના નથી, જ્યારે કોઈ કિસાને આત્મહત્યા કરી હોય. આ પહેલા કેન્દ્રના કૃષિ કાયદા વિરુદ્ધ આંદોલનનું સમર્થન કરતા હરિયાણાના જીંદના એક કિસાને પાછલા મહિને ટીકરી બોર્ડર વિરોધ સ્થળથી માત્ર બે કિલોમીટર દૂર એક ઝાડ સાથે ફાંસી લગાવી કથિત રીતે આપઘાત કરી લીધો હતો.



૧૨મી માર્ચે દાંડી યાત્રીને પ્રસ્થાન કરાવવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અમદાવાદ સાબરમતી ગાંધી આશ્રમ પહોંચનાર છે જેને અનુલક્ષીને ગાંધી આશ્રમમાં કલર અને સફાઈ કામ ચાલી રહ્યું છે અને યાત્રાળુઓના કોરોના ટેસ્ટિંગ કરી આશ્રમની મુલાકાત લેવા દેવામાં આવી રહી છે.

# રાજ્યમાં ૨૦૧૫થી ૨૦૨૦માં સિંહની વસ્તીમાં ૨૯ ટકા વધારો

## છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં ૩૧૩ સિંહોના મોત થયા : ગીરમાં ૭૧ સિંહ, ૯૦ સિંહણ, ૧૫૨ સિંહ બાળના મોત

ગાંધીનગર, તા. ૭

ગુજરાતે સિંહને જાળવી રાખવા માટે અને તેની વસ્તીમાં વધારો કરવા ઘણા પ્રયત્નો કર્યા છે. પરંતુ છેલ્લા બે વર્ષમાં સિંહના મૃત્યુના જે આંકડા સામે આવ્યા છે તેનાથી ખળભળાટ મચી ગયો છે. ૨૦૧૯ અને ૨૦૨૦મા ગીરમાં ૩૧૩ સિંહના મોત થયા છે. સરકાર દ્વારા વિધાનસભામાં શુક્રવારે સિંહના મૃત્યુના આંકડા જાહેર કરવામાં આવ્યા હતા અને જે આંકડા સામે આવ્યા હતા તે આઘાતજનક છે.

વિરોધ પક્ષના ધારાસભ્યોએ આટલી મોટી સંખ્યામાં સિંહના મૃત્યુના કારણો પૂછ્યા હતા. આ પ્રશ્નની ચર્ચામાં રાજ્યના વન્ય મંત્રી ગણપત વસાવાએ જણાવ્યું હતું કે રાજ્ય સરકાર દ્વારા સિંહની જાળવણી માટે કરવામાં આવેલા પ્રયાસોના કારણે ૨૦૧૫થી ૨૦૨૦ દરમિયાન સિંહની વસ્તીમાં ૨૯ ટકાનો વધારો થયો છે.

સિંહની સંખ્યા તથા છેલ્લા બે વર્ષમાં કેટલા સિંહ, સિંહણ અને સિંહના બચ્ચા મૃત્યુ પામ્યા છે તેની વિગતો માંગવા ઉપરાંત લાઠીના ધારાસભ્ય વિરજી ઠુમ્મરે સરકાર દ્વારા સિંહના અકુદરતી મૃત્યુને રોકવા માટે શું પગલા લેવામાં આવ્યા છે તેની પણ જાણકારી માંગી હતી.

આ અંગેનો આંકડો આપતા વન્ય મંત્રીએ જણાવ્યું હતું કે, છેલ્લા બે વર્ષમાં ૭૧ સિંહના મોત થયા છે. જેમાંથી ૬૯ સિંહના કુદરતી રીતે મોત થયા છે જ્યારે બેના અન્ય કારણોથી થયા છે. ૨૦૧૯ અને ૨૦૨૦મા કુલ ૯૦ સિંહણના મોત થયા છે જેમાંથી ૭૭ના મોત કુદરતી હતા જ્યારે ૧૩ના મોત અન્ય કારણોથી થયા હતા. ૧૫૨ સિંહ બાળના મોત થયા હતા જેમાં ૧૪૪ મોત કુદરતી હતા જ્યારે અન્ય કારણોથી ૮ બચ્ચાઓના મોત થયા હતા.

વિરજી ઠુમ્મરે આક્ષેપ કર્યો હતો કે મરેલા પ્રાણીઓના મૃતદેહોને ગીર અભ્યારણ્યના જંગલ વિસ્તારમાં ફેંકી દેવામાં આવે છે અને સિંહ તેને આરોગ્યા બાદ મોતને ભેટે છે. તેના જવાબમાં વસાવાએ જણાવ્યું હતું કે, આ આરોપોની તપાસ કરવામાં આવશે અને જો કોઈ પણ દોષિત ઠરશે તો તેની સામે પગલા લેવામાં આવશે.

## આઈપીએલ...

● પહેલા પાનાનું ચાલુ

ક્રિકેટ સ્ટેડિયમ નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં આઈપીએલ પ્લેઓફ અને ૩૦મી મે ૨૦૨૧એ અહીં ફાઈનલ રમાવાની છે. આ સ્ટેડિયમમાં પહેલી મેચ ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે પિંક બોલ ટેસ્ટ મેચ રમાઈ હતી. હવે પહેલી વખત અહીં આઈપીએલ મેચ રમાવાની છે.

લીગ સ્ટેજમાં દરેક ટીમ ચાર મેદાનો પર મેચ રમશે. ૫૬ લીગ મેચમાંથી ચેન્નાઈ, કોલકાતા, મુંબઈ અને બેંગ્લુરુમાં ૧૦-૧૦ મેચ રમાશે, જ્યારે અમદાવાદમાં ૮ મેચ રમાવાની છે. આ વખતે આઈપીએલની ખાસિયત એ હશે કે તમામ મેચ ન્યુટ્રલ વેન્યુ પર રમાશે. કોઈ પણ ટીમ પોતાના ઘરેલુ મેદાન પર મેચ નહીં રમે. દરેક ટીમ ૬માંથી ૪ મેદાન પર પોતાની લીગ સ્ટેજ મેચ રમવાની છે. હાલ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે મેચ રમાઈ રહી છે, અહીં બન્ને ટીમો વચ્ચે રમાયેલી બે ટેસ્ટમાં ભારતનો વિજય થયો છે.

## વિશ્વાસઘાત...

● પહેલા પાનાનું ચાલુ

જનસમૂહના આશીર્વાદનું દ્રશ્ય મને આજે જોવા મળ્યું છે. તેમણે કહ્યું કે આ ગ્રાઉન્ડે અનેક દેશભક્તોને જોયા છે પરંતુ આ ગ્રાઉન્ડ બંગાળના વિકાસમાં રોડા અટકાવનારાઓનું પણ સાક્ષી રહ્યું છે. બંગાળની ભૂમિને ૨૪ કલાક બંધ અને હડતાળમાં ઝોંકી દેનારાઓની નીતિઓ અને ષડયંત્ર આ ગ્રાઉન્ડે જોયા છે. પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી પર નિશાન સાધતા પીએમ મોદીએ કહ્યું કે બંગાળે પરિવર્તન માટે મમતાદીદી પર ભરોસો કર્યો હતો પરંતુ દીદીએ આ ભરોસો તોડી નાખ્યો. આ લોકોએ બંગાળનો વિશ્વાસ તોડ્યો. આ લોકોએ બંગાળને અપમાનિત કર્યું. અહીંની બહેનો દીકરીઓ પર અત્યાચાર કર્યા પરંતુ આ લોકો બંગાળની આશા કયારેય તોડી શક્યા નહીં. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે આ વખતે વિધાનસભા ચૂંટણીમાં એક બાજુ ટીએમસી છે, લેફ્ટ, કોંગ્રેસ, છે જેમનું બંગાળ વિરોધી વલણ છે અને બીજી બાજુ બંગાળની જનતા પોતે કમર કસીને ઊભી થઈ ગઈ છે.

## માર્ગ સલામતી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શહેરમાં વર્ષોના અંતે પણ વાહનોમાં ગતિ નિયંત્રણનુ નિયમન ન થતા માર્ગ અકસ્માતોની સંખ્યા વધી છે. પરંતુ હવે ટ્રાફિક સિગ્નલ કાર્યરત થયા બાદ ચોક્કસ અંતરે વાહનોની સ્પીડ ઘટી જતુ હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. બીજીતરફ વધુ સ્પીડ માટે ટ્રાફિક પોલીસ દ્વારા દંડની વસુલાત પણ કરવામાં આવી રહી છે. પરંતુ હજુ પણ માર્ગ સલામતીના પરિબળોને ધ્યાને લઈ જરૂરી બાબતોની અવગણના થઈ રહી હોવાનો સુર પણ ઉઠવા પામ્યો છે. જેના લીધી સ્માર્ટ સીટી બનવા તરફ આગળ વધતા શહેરમાં પૈડા પરની જિન્દગી જોખમાઈ છે. શહેરના મુખ્યમાર્ગો પર સ્થિત સર્કલ વિસ્તારની નજીક જ ચાર રસ્ત પર ટ્રાફિક સિગ્નલ કાર્યરત છે. જયારે ટ્રાફિક સિગ્નલને અનુરૂપ ડાબી બાજુ ખુલ્લી રહે તે માટે માર્ગ મકાન વિભાગ દ્વારા બોર્ડર પણ કરી દેવામાં આવી છે. આ સ્થિતિ વચ્ચે સર્કલ વિસ્તારમાં મોટાભાગે વાહનચાલકોને ડાબી બાજુથી જવા માટે સાઈટ ખુલ્લી મળતી નથી. સર્કલ નજીકના વિસ્તારમાં જ મુખ્યમાર્ગો પર કોર્મશિયલ સંસ્થાના પાર્લરો ધમધમી રહ્યા છે. આ ઉપરાંત લારી ગલ્લાના દબાણો પણ ફુટપાથને ઘેરી વળ્યા છે. આવા સંજોગોમાં પાર્લર કે લારી ગલ્લાની મુલાકાતે આવતા નાગરિકો પોતના વાહનો ડાબી બાજુએથી પસાર થવાની ખુલ્લી જગ્યામાં પાર્ક કરી દે છે. જેના લીધે જોખમી સ્થિતિ સર્જાય છે. મુખ્યલેનમાં જતા વાહનો સિગ્નલ ફોલો કરતા ઉભા હોય ત્યારે ડાબી સાઈડ પણ બ્લોક થઈ જાય છે. જેના લીધે વાહનચાલકોએ મુખ્યલેનમાં આવીને સિગ્નલ બંધ હોવાથી સ્ટોપ થવાની ફરજ પડે છે. જયારે આ દરમિયાન ડાબી સાઈટમાંથી નિકળવા જતા વાહનો પણ અટવાય છે. પરિણામે સિગ્નલ હોવાછતા ડાબી સાઈડ ખુલ્લી રહેવાના બદલે ટ્રાફિક જામ જોવા મળે છે. આ સ્થિતિ વચ્ચે ગમે ત્યારે જાનલેવા અકસ્માત થવાની પણ દહેશત છે. છેલ્લા ઘણાં સમયથી ટ્રાફિક સિગ્લન પણ આવી ગયા છે. આમ છતા વાહનચાલકો સિગ્નલના નિયમોનુ પાલન કરી શકે તેવી ભૌગોલિક સ્થિતિના અભાવ વચ્ચે મુખ્યમાર્ગો આસપાસ વધતા દબાણોના લીધે આ સમસ્યા જટીલ બની છે. જેથી આ મામલે ત્વરિત અસરથી સર્કલ વિસ્તારમાં ફુટપાથ પર ગોઠવાયેલા દબાણો દુર કરવા તેમજ સિગ્નલને અનુલક્ષી માર્ગ વચાળે વાહનો પાર્ક ન થાય તેનો યોગ્ય અમલ થાય તેવી વ્યવસ્થા ગોઠવવા માટે પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે.

## બટાકાના ભાવ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હાલ તો બટાટાના ભાવ ગગડતાં ચિંતામાં ફસાયા છે. કેટલાકે તો હમણાં ખેતરમાં બટાટા રહેવા દીધા છે. શાકભાજીમાં રાજા ગણાતા બટાટાના ભાવમાં જે કડાકો બોલ્યો છે તેને લઈ ખેડૂત નેતાઓ પણ ચિંતીત બન્યા છે. આ મુદ્દે સરકારનું ધ્યાન પણ તેમણે દોર્યુ હોવાનું જાણવા મળેલ છે. મળતી વિગતો પ્રમાણે કોલ્ડ સ્ટોરેજમાં બટાટાના સંગ્રહ માટે અને તેના ભાડામાં રાહત સાથે ધિરાણને પણ મંજૂરી મળે તેવી ફોર્મ્યુલા ખેડૂત ઉત્પાદકો ઈચ્છી રહ્યા છે. જો કે હાલ તો બટાટાના ભાવમાં એકાએક ઉછાળો આવે તેવી સંભાવનાઓ બહુ ઓછી દેખાઈ રહી છે. બીજી તરફ ઉનાળુ વાવેતર પણ બટાટાને લઈ ખેતરો ખાલી ન થતાં મોડી થવાની સંભાવના છે. કેટલાકનું કહેવુ છે કે સિઝનના આરંભમાં આવી સ્થિતિ થતી હોય છે પણ બજાર સ્થિર થતાં પુનઃ બટાટાનો ભાવ આવશે.

## નવા પ્રમુખ મળશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મળી રહ્યા છે. જિલ્લામાં ભાજપના સંગઠનને પણ મજબુતાઈ આપી શકે તેવા અસરકારક નેતૃત્વની પસંદગી થશે. એક ચર્ચા મુજબ પટેલને પ્રમુખપદ, ઠાકોરને ઉપ પ્રમુખ પદ મળી શકે છે. તો બીજી તરફ ક્ષત્રીયને પ્રમુખપદ, ઠાકોરને ઉપ પ્રમુખ મહિલાને બનાવવાની વાત અને પટેલને કારોબારી સમિતિ તેમજ અન્ય મહત્વની સમિતિમાં ચેરમેન પદો આપવાની ફોર્મ્યુલા પણ તૈયાર થઈ રહી છે. જો કે આખરી નિર્ણય તો પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડમાં જ લેવાશે તેમ મનાય છે.

## પ્રશ્ન ત્રાસરૂપ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જયારે વર્ષોથી બંધ ફુવારા દુર કરી આ જગ્યાને પણ ખુલ્લી કરી દેવાશે. પરંતુ સે-૧૬ અને સે-૧૧ ના કોર્મશિયલ વિસ્તારમાં વાહન પાર્કીંગનો મુદ્દો ત્રાસરૂપ બન્યો છે. રોજબરોજ પાર્કીગમાં આજા ફસાજા જેવી સ્થિતિ સર્જાય છે. પાર્કીંગના ઠેકાણે વર્ષોથી અડ્ડો જમાવતા દબાણો કાયમી થતા વાહનચાલકોને પાર્કીંગ માટે જગ્યા મળતી નથી. જયારે સાંકડા સર્વિસ માર્ગ પર અકસ્માતોની સંખ્યા પણ વધી છે.


### ઈ-ટેન્ડરીંગ જાહેર નિવિદા

વર્ષ - ૨૦૨૦-૨૧

**ગાંધીનગર મહાનગરપાલિકા**

બહુમાળી ભવન, બી બ્લોક, પ્રથમ માળ, સેક્ટર-૧૧, ગાંધીનગર

ગાંધીનગર મહાનગરપાલિકા ખાતે નીચે દર્શાવેલ ટેન્ડર મુજબના કામે પ્રતિષ્ઠિત એજન્સીઓ પાસેથી ઠરાવેલ ઈ-ટેન્ડરોમાં ભાવો મંગાવવામાં આવે છે.

| ટેન્ડર નંબર | કામનું નામ | ટેન્ડર ફી | ઈ.એમ.ડી. |
|---|---|---|---|
| ૭૯/૨૦૨૦-૨૧ | Providing & Laying Sewerage Network & Water Supply Network in Kolavada Gamtal of GMC Area | રૂ. ૧૮૦૦૦/- | રૂ. ૧૭,૯૮,૧૮૩/- |
| ૮૦/૨૦૨૦-૨૧ | Providing & Laying Sewerage Network, Construction of Sewage Pumping Station with Mechanical & Electrical Work including O & M for two years, Rising main & Water Distribution Network In Por Gamtal of GMC Area. | રૂ. ૧૮૦૦૦/- | રૂ. ૧૨,૫૧,૪૬૧/- |
| ૮૧/૨૦૨૦-૨૧ | Providing & Laying Sewerage Network, Construction of Sewage Pumping Station with Mechanical & Electrical Work including O & M for two years, Rising main & Water Distribution Network In Amiyapur Gamtal of GMC Area. | રૂ. ૧૨૦૦૦/- | રૂ. ૫,૧૯,૯૧૯/- |

ટેન્ડર ફોર્મ તા. ૮/૩/૨૦૨૧ થી તા. ૩૧/૩/૨૦૨૧ સુધી સમય ૧૭:૦૦ કલાક સુધી ઓનલાઈન વેબસાઈટ www.nprocure.com પરથી ડાઉનલોડ કરી ઓનલાઈન ભરી શકાશે.

ટેન્ડર બીડના જરૂરી આધાર માટેના તમામ ડોક્યુમેન્ટ ઓનલાઈન ઈલેક્ટ્રોનિક ફોર્મેટમાં સ્કેન કરી મોકલવાના રહેશે. ટેકનીકલ બીડ અને ટેન્ડર ફીની રકમ તથા ઈ.એમ.ડી.ના ડીમાન્ડ ડ્રાફ્ટ નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રીના નામે તા. ૧/૪/૨૦૨૧ થી તા. ૮/૪/૨૦૨૧ સમય : ૧૭:૦૦ કલાક સુધીમાં કચેરીએ રજીસ્ટર પોસ્ટથી મોકલવાના રહેશે તે પ્રમાણે જે ઓફરો મળેલ હશે તે જ ખોલવામાં આવશે.

ઓનલાઈન ઓપનીંગ તા. ૯/૪/૨૦૨૧ કરવામાં આવશે.

સહી/-
મ્યુનિસિપલ કમિશનર
ગાંધીનગર

માહિતી/૨૦૭૧/૨૦-૨૧



મહિલા અને બાળ વિકાસ વિભાગ
ગુજરાત રાજ્ય

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

## આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે



શ્રી નરેન્દ્રભાઇ મોદી
વડાપ્રધાન





શ્રી વિજયભાઇ રૂપાણી
મુખ્યમંત્રી

### મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના વરદ્ હસ્તે શુભારંભ

- વ્હાલી દીકરી યોજના અંતર્ગત **L.I.C.** સાથે **MoU** અને **રૂા.૨૨ કરોડ**નો ચેક અર્પણ
- **રાજ્યવ્યાપી ડી.બી.ટી પોર્ટલ**ના માધ્યમથી તમામ **આંગણવાડી કાર્યકર અને તેડાગર બહેનોને માસિક રૂા.૫૫ કરોડનું માનદ્ વેતન ચૂકવણાનો શુભારંભ**
- મહિલા અને બાળ વિકાસ વિભાગની **ડિજિટલ બુકનું વિમોચન** અને **જેન્ડર બજેટ ડેશબોર્ડનું લોન્ચિંગ**
- **મહિલા સ્વાવલંબન યોજના** અને **વ્હાલી દીકરી યોજના**ના લાભાર્થીઓને **ચેક વિતરણ કાર્યક્રમ**

### મહિલાઓનું સશક્તિકરણ એ જ ગુજરાત સરકારની સર્વોચ્ચ પ્રાથમિકતા

- દીકરીઓનો જન્મદર વધે, શિક્ષણમાં ડ્રોપ આઉટ રેશીયો ઘટે તે હેતુથી દીકરીને **પ્રથમ ધોરણમાં પ્રવેશ વખતે રૂ.૪૦૦૦/-, નવમાં ધોરણમાં પ્રવેશ વખતે રૂ.૬૦૦૦/-** અને **૧૮ વર્ષની ઉંમરે ઉચ્ચશિક્ષણ/લગ્નમાં રૂ.૧,૦૦,૦૦૦/-ની સહાય**
- ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના હેઠળ **લાભાર્થીને રૂ.૧૨૫૦/-ની સહાય**
- આઇ.સી.ડી.એસ. અંતર્ગત આંગણવાડી કેન્દ્ર મારફતે સગર્ભા/ધાત્રીમાતા, બાળક અને કિશોરીને પૌષ્ટિક ટેક હોમ રેશન **(બાલશક્તિ, માતૃશક્તિ અને પૂર્ણાશક્તિ)**નું વિનામુલ્યે વિતરણ
- **૧૮૧ અભયમ્ હેલ્પલાઈનઃ** એક ફોન કોલ અને **મહિલાની સુરક્ષા** માટે **પોલીસ હાજર**



મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગુજરાત રાજ્ય

**તારીખઃ** ૦૮/૦૩/૨૦૨૧, સામેવાર । **સમયઃ** સવારે ૧૦:૦૦ વાગે
**સ્થળઃ** મહાત્મા મંદિર, ગાંધીનગર

નારી સુરક્ષા, સન્માન અને મહિલા સશક્તિકરણ માટે
ગુજરાત સરકાર કટિબદ્ધ છે.
**- શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય**